જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૬/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૧૭૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૯/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૭૬	૧	૧૧૫૭૭	૧૭૬૮૮	૧	૧૭૬૮૯
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૨૯	૦	૪૭૨૯	૬૨૬૪	૦	૬૨૬૪
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૫	૦	૯૫	૩૪૦	૦	૩૪૦
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૦૯૬૮	૨૯૬	૬૧૨૬૪	૬૧૫૨૭	૩૦૧	૬૧૮૨૮
કુલ		૭૭૩૬૮	૨૯૭	૭૭૬૬૫	૮૫૮૧૯	૩૦૨	૮૬૧૨૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૫૯	૩,૨૮,૧૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૧૦૧	૨૧,૦૧,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૭૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૭ કેસ કરી, ૭૮ વ્યક્તિઓને ઝડપી, ૨૫૪ લીટર દેશી દારૂ, ૧૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૪૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૭ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧,૫૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૭૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૩૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૧૧૭૪/૨૦૨૧**

પાલડીઃ હેતવીબહેન નિલેશભાઇ સંઘવી (ઉ.વ.૨૨)(રહે.સુમેરૂ શીખર ટાવર ભાગ્યોદય બેંક સામે વિકાસગૃહ રોડ પાલડી) એ તા.૨૯/૦૬/૨૦૨૧ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૫/૨૦૨૦ બપોરના ૪/૩૦ થી સાજના ૬/૩૦ વાગ્યા દરમ્યાન મોબાઇલ નંબર ૭૩૦૨૮૪૫૫૨૬ ના ધારકે હેતવીબહેનને આઇ.બી.એમ.કંપનીમાં નોકરી અપાવવાનું કહી મોબાઇલ ઉપર લીંક મોકલી, ઓ.ટી.પી અને ડેબીટ કાર્ડની માહીતી મેળવી લઇ, હેતવીબહેનના બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૬૧,૯૪૦/- ઉપાડી લઇ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ. શ્રી જે.એમ.સોલંકી ચલાવે છે.

વટવાઃ જયશ્રીબહેન ડો/ઓ ગણપતભાઇ રાજપુરોહીત (ઉ.વ.૪૩)(રહે.રાધિકા બંગ્લોઝ કેડીલાબ્રીજ પાસે ઘોડાસર વટવા) એ તા.૨૯/૦૬/૨૦૨૧ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૮ ફેબ્રુઆરી મહીનામાં આરોપી કાંતીભાઇ ડાહ્યાભાઇ સોલંકી (રહે. આકૃતિ ટાઉનશીપ નારોલ) સાથે જયશ્રીબહેનને મિત્રતા થતા કાંતિભાઈએ જયશ્રીબહેનને ટ્રાવેલ્સ લેવાથી સારો નફો થસે તેવી લોભામણી વાતો કરી જયશ્રીબહેન પાસેથી રોકડ અને ચેકથી કુલ રૂપિયા ૧૨,૩૫,૦૦૦/- મેળવી ટ્રાવેલ્સ બસ નંબર જીજે.૦૭.વી.૯૦૬૧ તેના નામે ખરીદી કરી બસ જયશ્રીબહેનના નામે નહી કરી તેમજ આપેલ નાણા આજદિન સુધી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.ભદોરીયા ચલાવે છે.

અપમૃત્યુ :- **સમાચાર યાદી નં.૧૧૭૫/૨૦૨૧**

સોલા હાઇકોર્ટ: ગોતા હાઉસિંગની સામે આર્યન એમ્બીયન્સ નામની નવી બનતી સાઇટ ઉપર રહેતા અને ત્યાંજ કામ કરતા કેતનલાલ ઉર્ફે મગનલાલ હુરમાજી ડામોર (ઉ.વ.૩૨)(મુળ વતન: ગામ-રોબીયા સુંદરા તા-ખેરવાડા જી-ઉદેપુર રાજસ્થાન) તા.૨૯/૦૬/૨૦૨૧ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે સાઇટના "એ" બ્લોકના ગ્રાઉન્ડ ફ્લોર ઉપરના કટ આઉટમાંથી બેઝમેન્ટમા પડી જતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કિરીટકુમાર વિઠ્ઠલદાસ ચલાવે છે.

આત્મહત્યા:- **સમાચાર યાદી નં.૧૧૭૬/૨૦૨૧**

આનંદનગર: પીંકીબહેન ડો/ઓ ચમનભાઇ પરમાર (ઉ.વ.૧૮)(રહે.ગોપાલ આવાસ ઔડાના મકાન જોધપુર ગામ સેટેલાઇટ) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૬/૨૦૨૧ સાજના ૬/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.ચૌહાણ ચલાવે છે.

નરોડા: કાજલબહેન ડો/ઓ પ્રહલાદસિહ સોલંકી (ઉ.વ.૪૫)(રહે.રત્નરાજ ગ્રીન ફ્લેટ સી.એન.જી.પંપ પાછળ નાના ચીલોડા) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૬/૨૦૨૧ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અજીતસિહ કલ્યાણસિહ ચલાવે છે.

સરદારનગર: અમરકુમાર ગુરૂમુખદાસ છાબરીયા (ઉ.વ.૩૪)(રહે.નવા "જી" વોર્ડ સુનીલ જનરલ સ્ટોર પાસે કુબેરનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૬/૨૦૨૧ સાજના ૬/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.સી.જાડેજા ચલાવે છે.

નિકોલ: નિકોલ એસ.પી.રીંગ રોડ એબીસી કોમ્પલેક્ષ ચોથા માળે આવેલ દુકાન (ઓફીસ) નંબર-૪૦૬ ખાતે સાહિલ કેતનભાઇ પીપળીયા (ઉ.વ.૨૧)(રહે. સનસીટી બંગ્લોઝ ગોપાલચોક કૃષ્ણનગર) એકાઉન્ટનુ કામ કરતા હતા. જ્યાં તા.૨૮/૦૬/૨૦૨૧ રાતના ૯/૦૦ થી તા.૨૯/૦૬/૨૦૨૧ કલાક ૨/૦૦ વાગ્યા દરમ્યાન અગમ્ય કારણસર દુકાન(ઓફીસ) નંબર-૪૦૬ ખાતે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયપ્રકાશ અમૃતલાલ ચલાવે છે.

વાસણાઃ (૧) સુરેશભાઈ મેઘજીભાઈ વાળા (ઉ.વ.૪૫)(રહે.કાનજી ગલાજીની ચાલી, શ્રીઓમનગર પી.એન.ટી.કોલોની પાછળ વાસણા) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૬/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના ભાગે લોખંડની પાઈપ સાથે દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.ચૌધરી ચલાવે છે.

વાસણાઃ (૨) કિશોરભાઇ જેઠાભાઇ ચાવડા (ઉ.વ.૩૮)(રહે.ભવાનીનગર કો.હો.આ સોસાયટી વાસણા) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૬/૨૦૨૧ બપોરના ૩/૨૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાતા સારવાર માટે તેમને જીવરાજ મહેતા હોસ્પીટલ લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી